Extra No. 320

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, OCTOBER 28, 2025 / KARTIKA 6, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-ભાવનગર-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનિટ-૩-૨૦૨૫

ભાવનગર જિલ્લાની ભાવનગર મહાનગરપાલિકાની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ-૨૦૨૫.

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણ આયોગનો આખરી આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૫-મનપા-ભાવનગર-૨૦૨૦, તા. ૦૩/૧૦/૨૦૨૦.

(૨) રાજ્ય ચૂંટણી આયોગનો આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-મનપા-વારાફરતી-સ્થા.સ્વ/૧૩૯(૨)/૦૭૨૦૨૦, તા.૨૪/૦૭/૨૦૨૦.

(૩) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા)) નિયમો-૨૦૧૦

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023).

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV-348 of 2024/UDUHD/MSM/e-file/18/2024/4680/P તા.25/09/2024.

આદેશ

ભારતના બંધારણના અનુચ્છેદ 243K અને 243-ZAની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૫ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી ભાવનગર જિલ્લાની ભાવનગર મહાનગરપાલિકાની વોર્ડ સંખ્યા અને કાઉન્સિલરોની સંખ્યા (અનામત બેઠકો સહિત) નક્કી કરેલ. તે આધારે તથા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫ની પેટા કલમ ૩(ખ) અને ૪ અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો, ૧૯૯૪ હેઠળની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૨૦૧૪ અને આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ તથા આયોગના વંચાણ(૨) વાળા આદેશની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) વાળા તા. ૦૩/૧૦/૨૦૨૦ના આખરી આદેશથી વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ તથા આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટેની અનામત તથા બિન અનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૨૧માં ભાવનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

વંચાણે લીધેલ (૪)ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાત વર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ (૫)ના તા. 25/09/2024ના જાહેરનામાથી ભાવનગર મહાનગરપાલિકા માટે ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અને પછાતવર્ગની ૧૪ બેઠકો પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. અનુસૂચિત આદિજાતિ માટે કોઈપણ બેઠક અનામત રાખવામાં આવેલ નથી.

વંચાણ લીધેલ આમુખ(૩)ના સુધારા નિયમોથી છેલ્લી સામાન્ય ચૂંટણીની તારીખથી દર પાંચ વર્ષે મહાનગરપાલિકાઓના વોર્ડની બેઠકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં વારાફરતી (રોટેશન) ફાળવણી કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. ભાવનગર મહાનગરપાલિકાની છેલ્લી સામાન્ય ચૂંટણી વર્ષ-૨૦૨૧માં યોજવામાં આવેલ હતી.

રાજ્ય ચૂંટણી આયોગના વંચાણ (૧) વાળા તા.૦૩/૧૦/૨૦૨૦ના આદેશમાં ભારતના બંધારણના અનુચ્છેદ 243-ZA, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) (સુધારા) બાબતના નિયમો, ૨૦૧૦ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧-૧૨-૨૦૧૪ તથા આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ આસાથેની "અનુસૂચિ-૨" માં જણાવ્યા પ્રમાણે ભાવનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો તથા બિન અનામત સામાન્ય બેઠકોની વારાફરતી ફાળવણી નક્કી કરી ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:- રાચઆ-ચટણ-સમક-ભાવનગર-મ.ન.પા.-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનિટ-૩-૨૦૨૫, તા. ૨૮/૧૦/૨૦૨૫નું સાંધાણ

ભાવનગર મહાનગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૬૪૯૪૨૬		
કુલ વોર્ડની સંખ્યા	૧૩		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪૯૯૫૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૫૪૯૫૨
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૪૪૯૬૦

બેઠકોની સંખ્યા	૫૨	
કુલ સ્ત્રી બેઠકો	૨૬	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	-	તે પૈકી - બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૪	તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત
કુલ અનામત બેઠકો	૩૫	
સામાન્ય બેઠકો	૧૭	

અ.નં	વોર્ડ નં	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૫૦૧૪૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૯૫૧૨	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૪૫૪૨૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૪૯૯૩૧	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૫૪૧૬૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૫૧૯૧૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૪૬૬૩૨	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૫૧૨૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૫૧૩૭૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૦	૧૦	૪૮૬૦૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૧	૧૧	૪૯૫૪૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૫૩૦૩૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૫૪૦૨૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ		**૬૪૯૪૨૬**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.04 18:37:30 IST